**દાવો દાખલ તારીખ ૦૨/૦૫/૨૦૧૮**

**દાવો રજી. તારીખ ૦૭/૦૫/૨૦૧૮**

**ફેંસલ તારીખ ૨૮/૦૧/૨૦૧૯**

**સમય અવધી વર્ષ માસ દિવસ**

**રાજકોટના મે. ૧૦માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ)ની કોર્ટમાં, મું. રાજકોટ**

**સ્પે. સીવીલ સ્યુટ (ઈલે.) નં. ૩૮૯ / ૨૦૧૮**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

થ્રુ ઈટસ નાયબ ઈજનેરશ્રી

વિછીંયા સબ ડીવીઝન, રાજકોટ ......... **વાદી**

**વિરૂધ્ધ**

**હાજીભાઈ ભીખાભાઈ ખંભાલીયા**

ઠે.વિછીંયા તા. વિછીંયા જી. રાજકોટ ...... **પ્રતિવાદી**

**દાવોઃ–વીજ વપરાશ બીલની લેણી રકમ રૂા. ૧૨,૫૮૯–૦૪ પૈસા વસુલ મળવા અંગે.**

**એડવોકેટસ :–**

વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી જે.એમ. મગદાણી

પ્રતિવાદી તરફે એક તરફી.

## —: ચુ કા દો :—

**(૧)** વાદી દાવાની ટુંક હકીકત મુજબ વાદીની રજીસ્ટર્ડ ઓફીસના તાબામાં જુદા જુદા ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફીસો આવેલ છે અને આ રીતે વાદી કંપનીનું વિછીંયા સબ ડીવીઝન, રાજકોટ મુકામે આવેલ છે અને દાવો કરનાર વાદી કંપનીના અધીકૃત માણસ છે અને દાવાની હકીકતથી માહિતગાર છે.

**(૨)** વાદીના વાદાની હકીકત મુજબ આ કામના પ્રતિવાદીની સ્થાનિક જગ્યાએ રાજકોટ જીલ્લાના વિછીંયા સબ–ડીવીઝનમાં તાબાના ગામમા તા.૧૭/૨/૧૭ના રોજ વાદી કંપનીના અધિકારી દ્વારા વીજ સ્થાપન ચેક કરતા પ્રતિવાદીએ મકાનની નજીક આવેલ એલ.ટી. લાઈનના પોલ પરથી પીળા કલરના વાયરની મદદથી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હતા. આમ લંગર નાખી પાવર ચોરી કરતા રંગે હાથ ઝડપાયેલા. પ્રતિવાદીએ લંગર નાખી ગેરકાયદેસર રીતે સીધુ વીજ જોડાણ લઈ વીજ વપરાશ કરતા માલુમ પડેલ પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોવા છતાં વીજ વપરાશ કરી સ્પષ્ટ પાવર ચોરી કરતા માલુમ પડેલ તેથી સ્થળ પર રોજકામ કરેલ, મુદામાલ કબજે કરેલ, ચેકીંગ રીપોર્ટ ભરેલ અને વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ ત્યારબાદ હોવા છતા સદરહુ રકમ આ કામના પ્ર તિવાદીએ ભરપાઈ કરેલ ન હોય હાલનો આ દાવો લાવવાની ફરજ પડેલ છે. વાદીની કચેરી દવારા ઉપરોકત પ્ર.વાદીને બીલ આપેલુ જે પ્રતિવાદીએ ભરેલ નથી. ત્યારબાદ પ્રતિવાદીને તા. ૧૩/૧૨/૧૭ના રોજ રૂા. ૧૧૪૧૭–૦૦ પૈસાની ચોરીના બીલની નોટીસ આપેલી પરંતુ સદરહુ નોટીસ મુજબ પ્રતિવાદીએ કોઈ રકમ જમા કરાવેલ નથી. પ્રતિવાદીએ કરેલ વીજચોરી

સંબંધે જે કાંઈ કાર્યવાહી કરેલ છે. તે પેપર્સ આ કામમાં રજુ રાખેલ છે. આ કામના પ્રતિવાદી પાસે વાદી કંપનીના વિજ વપરાશની પુરવણી બીલની રકમ અને વિલંબીત ચુકવણી ચાર્જ મળી કુલ રકમ રૂા. ૧૨,૫૮૯–૦૪ પૈસા બાકી લેણા રહે છે. વિજ વપરાશનું પુરવણી બીલ મોકલીને લેણી રકમની ઉઘરાણી કરેલ છે. તેમ છતાં પ્રતિવાદી તરફથી રકમ વસુલ નહિં આવતા, છેલ્લે તા. ૧૩/૧૨/૧૭ની નોટીસનો પ્રતિવાદી કોઈ અમલ નહિં કરતાં, આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

(૩) દાવો દાખલ થતાં પ્રતિવાદીને સમન્સ/નોટીસ કરતાં તેઓને યોગ્ય રીતે સમન્સ/નોટીસ બજી ગયેલ છે તેમ છતાં તેઓ હાજર થયેલ નથી તેથી આંક–૧ તળે કરેલ હુકમ મુજબ પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે. આમ, પ્રતિવાદીએ કોઈ જવાબ રજુ કર્યો નથી કે વાદીના દાવાને પડકારેલ નથી.

(૪) વાદીએ પોતાના દાવાના સમર્થનમાં આંક ૭ થી નાયબ ઈજનેર શ્રી વિનોદભાઈ ખોડાભાઈ ચાવડાને તપાસેલ છે અને નીચે મુજબના દસ્તાવેજી–પુરાવા આંક ૪ થી રજુ કરેલા છે.

**<u>દસ્તાવેજી–પુરાવા :–</u>**

- આંક–૯ પરફોર્મા નં.૧૨
- આંક–૧૦ ઓફીસ નોટ
- આંક–૧૧ લેઝર કોપી
- આંક–૧૨ નોટીસ
- આંક–૧૩ એ.ડી.ની પહોંચ

– આંક–૧૪ એ.ડી.ની પહોંચ

– આંક–૧૫ વીજચોરીની ફરીયાદ નોંધવા બાબત

– આંક–૧૬ વીજચોરીનું બીલ

– આંક–૧૭ ગણતરી

– આંક–૧૮ ગેટપાસ

– આંક–૧૯ ચેકીંગ રીપોર્ટ

– આંક –૨૦ એનેક્ષર ૪

– આંક –૨૧ રોજકામ

આ કામમાં આંક ૨૨ થી વાદીનો મૌખીક પુરાવો પુરો થયાની પુરશીશ રજુ થયેલ છે.

**(૫)** પ્રતિવાદી દવારા કોઈપણ પ્રકારનો મૌખિક કે દસ્તાવેજી–પુરાવો રજુ થયેલ નથી.

**(૬)** સદરહુ દાવાના નિર્ણય અર્થે, નીચે મુજબના મુદ્દા આંક–૬ થી ફ્રેમ કરેલ છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે,–પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરી વીજ વપરાશ કરેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રકમ લેવા હકકદાર થાય છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, તેઓ બીલની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ?

૪. શું વાદીનો દાવો સમય–મર્યાદામાં છે ?

૫. શું હુકમ અને હુકમનામુ ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે. :–

૧. હકારમાં

૨. હકારમાં,

૩. હકારમાં,

૪. હકારમાં,

૫. આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદૃા નં.–૧ થી ૪ :–**

(૮) મુદા નં.૧ થી ૪ ના પુરાવા માહેની હકીકતો એકબીજા સાથે સાંકળાયેલી હોય પુનરોકિત દોષ નિવારવા તેની ચર્ચા એક સાથે કરવામાં આવેલી છે.

(૯) વાદી એવી હકીકત સાથે આવ્યા છે કે, પ્રતિવાદીએ વાદીની વીજ લાઈનમાંથી ગેરકાયદેસર રીતે વીજ કનેકશન મેળવી લઈ વીજ ચોરી કરેલ છે તે હકીકત પ્રસ્થાપીત કરવા માટે વાદીએ આંક–૭ થી નાયબ ઈજનેર વિનોદભાઈ ખોડાભાઈ ચાવડાને તપાસ્યા છે તેઓએ દાવા મુજબની હકીકતો પોતાના સોગંદનામાં દોહરાવી છે. વાદી સાહેદે જણાવેલ હકીકતોને પ્રતિવાદી દવારા પડકારવામાં આવેલ નથી ત્યારે કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ જો વાદીની સોગંદપૂર્વકની હકીકતોને જો પડકારવામાં ન આવે તો તે હકીકતો તે સ્વીકારે છે તેમ માનવુ રહે, તે ઉપરાંત વાદીએ પોતાનો કેસ પ્રસ્થાપિત કરવા માટે રજુ કરેલા દસ્તાવેજી–પુરાવાઓ વંચાણે લેતા ચેકીંગ સીટ,

એનેક્ષર–૪, બીલ, નોટીસ વિગેરે આધારો પરથી એ હકીકત સ્પષ્ટ છે કે, પ્રતિવાદી કોઈ કાયદેસરનું વીજ કનેકશન ધરાવતા ન હતા અને તેમણે વાદી કંપનીના થાંભલા ઉપરથી પ્ર તિવાદીએ ગેરકાયદેસર રીતે વીજ કનેકશન મેળવી લઈ વીજ ચોરી કરેલ છે તેઓને રકમ ભરવા માટે નોટીસ અને પુરવણી બીલ આપવામાં આવ્યુ છે જે નોટીસ તેઓને બજી ગયેલ છે તેમ છતાં તેઓએ તે રકમ ભરવાની કાળજી લીધેલ નથી. આ કામના સાહેદ એ રાજય સેવક છે, તેઓએ જે કોઈ કાર્યવાહી કરી છે, તે પોતાના ફરજના ભાગરૂપે કરી છે, રજુ થયેલા તમામ આધારો અસલ છે, પ્રોપર કસ્ટડીમાંથી રજુ થયા છે તેને સામાવાળાએ પડકારેલ નથી ત્યારે તેવા આધારોને ન માનવાનુ કોઈ જ કારણ રહેતુ નથી.

**(૧૦)** વાદીએ પ્રતિવાદી પાસેથી ૧૨ ટકા વ્યાજની માંગણી કરી છે પરંતુ પક્ષકારો વચ્ચે વ્યાજ સંબંધે કોઈ કરાર નથી ત્યારે નામ.હાઈકોર્ટ અને નામ.સુપ્રિમ કોર્ટેની વ્યાજ અંગેની ગાઈડ લાઈન અને પ્રસ્થાપિત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં, વાદી પોતાની લેણી રકમ ઉપર વાર્ષીક ૯ % સહીત લેણી રકમ મેળવવા હકકદાર છે.

**(૧૧)** વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમય–મર્યાદામાં દાખલ કરેલ છે. વાદી કંપનીના અધીકારીઓ દવારા પ્રતિવાદીની જગ્યાનું ચેકીંગ તા. ૧૭/૨/૧૭ના રોજ કરવામાં આવેલ છે અને જરૂરી અને જરૂરી રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે અને તારીખ ૧૩/૧૨/૧૭ ના રોજ તે અંગે નોટીસ આપવા છતાં, હાલનો દાવો તા. ૦૨/૦૫/૨૦૧૮ ના રોજ દાખલ થયેલ છે. આમ, રેકર્ડ પરથી સ્પષ્ટ છે કે, વાદી એ નિયત સમય–મર્યાદામાં એટલે કે, ત્રણ વર્ષમાં દાવો દાખલ કરેલ છે.

**(૧૨)** ઉપરોકત ચર્ચા મુજબ વાદી પોતાનો દાવો સાબીત કરવામાં સફળ રહયા છે તેથી મુદૃા નં.૧ થી ૪ નો નિર્ણય હકારમાં ઠરાવી, મુદૃા નં.–૫ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરુ

છું. :–

**–: હુ ક મ :–**

વાદીનો દાવો મંજુર કરવામા આવે છે અને પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે,– પ્રતિવાદીએ વાદીને રૂા. ૧૨,૫૮૯–૦૪ પૈસા દાવો દાખલ થયાથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષીક ૯ ટકાના સાદા વ્યાજ સહીત ચુકવી આપવા અને વાદી તે રકમ પ્રતિવાદી ની જાત તથા હરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખઃ ૨૮ મી, માહેઃ જાન્યુઆરી, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

**રાજકોટ.**
**તા. ૨૮/૦૧/૨૦૧૯**

**( વિનોદ વી પરમાર )**
**સ્પેશ્યલ જજ (ઈલે.એકટ.)**
**અને દસ માં એડીશનલ ડીસ્ટ્રીકટ જજ**
**રા જ કો ટ**
**UNIQ I.D .NO. GJ 01514**